# સ્થાયી સમિતિએ બજેટનું કદ વધાર્યુ : પુરાંતમાં ઘટાડો કર્યો

**બજેટનું કદ ૩૬૦ કરોડ કરાયુ : કેપીટલ ખર્ચમાં ૧૬ કરોડનો વધારો કરાયો : રેવન્યુ ખર્ચમાં ઘટાડો કરાયો : પેથાપુરમાં કોમ્યુનિટી હોલ અને લાયબ્રેરી તેમજ સુવિધાઓ માટે ૫ કરોડ : નવા વિસ્તારોમાં સીટી બસસ્ટેન્ડ માટે બે કરોડ : સમરસ હોસ્ટેલ બનાવવા ૧ કરોડ, જુનિ. અને સીની. કેજી.ના ગ્રીન ક્લાસ બનાવવામાં આવશે : આરોગ્ય સેવાઓનું સઘનીકરણ કરાશે**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ ડ્રાફ્ટ બજેટમાં રૂ. ૧૫ કરોડનો વધારો કરી અને પુરાંત રૂ. ૨૦ કરોડ દર્શાવી છે.

મ્યુનિ. કમિશનરે રજુ કરેલા ડ્રાફ્ટ બજેટ પર ચર્ચા વિચારણા કરી અને આખરી ઓપ આજની બેઠકમાં આપી દેવામાં આવ્યો છે.

સ્થાયી સમિતિના સભાખંડમાં બરાબર ૧૨ વાગે સ્થાયી સમિતિની બેઠક આરંભાઈ હતી આ બેઠક પૂર્વે સ્થાયી સમિતિના સભ્યોએ પરામર્શ કર્યો હતો. એક કલાકથી પણ વધુ સમય સુધી સભ્યોએ બજેટની જોગવાઈઓ અંગે ચર્ચા વિચારણા અને પરામર્શ કર્યો હતો.

સ્થાયી સમિતિની બેઠકમાં ચર્ચા દરમ્યાન રેવન્યુ ખર્ચમાં ૨૮ લાખનો ઘટાડો સૂચવવામાં આવ્યો હતો જ્યારે કેપીટલ ખર્ચમાં રૂ. ૧૬ કરોડ જેટલો વધારો સૂચવવામાં આવ્યો હતો.

આજની બેઠકમાં કોવિડ-૧૯ની મહામારીના કપરા સમયમાં ફરજ બજાવનાર વર્ગ-૧ થી ૪ ના ૨૮૦ જેટલા કર્મયોગીઓને પ્રોત્સાહક રકમ આપવાનો નિર્ણય કરાયો હતો. જેમાં વર્ગ-૧ ના કર્મચારીઓને રૂ. ૨૦ હજાર, વર્ગ-૨ ના કર્મયોગીઓને રૂ. ૧૫ હજાર, વર્ગ-૩ ના કર્મયોગીઓને રૂ. ૧૦ હજાર તેમજ વર્ગ-૪ ના કર્મયોગીઓને રૂ. ૫ હજાર આપવામાં આવશે.



આજની સ્થાયી સમિતિની બેઠકમાં સતત બીજા વર્ષે કાઉન્સીલરોની ગ્રાન્ટમાં રૂ. ૧ લાખનો વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત મનપાના વિસ્તારમાં વધારો થતાં નગરસેવકોની સંખ્યામાં વધારો થવાનો છે જેને ધ્યાને લઈ સ્થાયી સમિતિ દ્વારા સભાસદોના કામો માટે રૂ. ૧૫૦ લાખનો વધારો કરી આ જોગવાઈ રૂ. ૫૫૦ લાખની કરવામાં આવી છે.

આરોગ્ય સેવાઓના સઘનીકરણ પર આજની બેઠકમાં ભાર મુકાયો હતો જેમાં શહેરની સગર્ભા મહિલાઓની વહેલી નોંધણી તથા પ્રસુતા અને ધાત્રી માતાઓને આહાર અને બાળકોના સંપૂર્ણ રસીકરણ તથા મચ્છરદાની સહાય માટે રૂ. ૩૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

આકસ્મિક રોગચાળા સામે રાહત ખર્ચ જે અગાઉ રૂ. ૩૦ લાખની જોગવાઈ હતી તેમાં વધારો કરી આ જોગવાઈ રૂ. ૫૦ લાખ કરવામાં આવી છે.

મનપા હસ્તકના અર્બન હેલ્થ સેન્ટરમાં પેથોલોજી મશીનની ખરીદી માટે રૂ. ૨૦ લાખ તેમજ પ્રસુતિગૃહના નવીનીકરણ માટે રૂ. ૯ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

શહેરની પ્રા. શાળાઓમાં જુનિ. કે.જી. તથા સીની. કે.જી. માટે ગ્રીન ક્લાસરૂમ બનાવવા રૂ. પાંચ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

ગાંધીનગર નોલેજ સીટી તરીકે ડેવલપ થઈ ચુક્યુ છે ત્યારે વિદ્યાર્થીઓ માટે સમરસ હોસ્ટેલ બનાવવા માટે રૂ. ૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

નવા સમાવિષ્ટ વિસ્તારો માટે સ્થાયી સમિતિએ પણ ખુબ પ્રેમ દર્શાવ્યો છે. પેથાપુરમાં લાયબ્રેરી, કોમ્યુનીટી હોલ તેમજ અન્ય સુવિધાઓ માટે રૂ. ૫૦૦ લાખની જોગવાઈ કરી છે. નવા સમાવિષ્ટ ગામોમાં સીટી બસ સ્ટેન્ડ બનાવવા માટે રૂ. ૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## સમરસ હોસ્ટેલ બનાવાશે તેમજ પ્રિ. પ્રાયમરી માટે ગ્રીન ક્લાસરૂમ બનાવાશે

મનપા વિસ્તારમાં પ્રિ. પ્રાયમરી માટે ગ્રીન ક્લાસરૂમ બનાવવા સ્થાયી સમિતિએ રૂ. પાંચ લાખની જોગવાઈ કરી છે.

ગાંધીનગર શહેર જે નોલેજ સીટી તરીકે ડેવલપ થઈ રહ્યુ છે તેમાં વિદ્યાર્થીઓને તકલીફ ના પડે તે માટે સમરસ હોસ્ટેલ બનાવવાનો મહત્વનો નિર્ણય લઈ આ માટે રૂ. ૧ કરોડના ખર્ચની જોગવાઈ કરી છે.

## શહેરમાં સ્ટેન્ડ બનાવવાની દરખાસ્ત ફગાવી પણ ગ્રામ્ય વિસ્તારમાં સ્ટેન્ડ બનાવવા બે કરોડની જોગવાઈ

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ ૨૦૨૧-૨૨ના વર્ષમાં નવા સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં સીટી બસ સ્ટેન્ડના નિર્માણ માટે રૂ. બે કરોડની જોગવાઈ કરી છે.

પરંતુ સ્થાયી સમિતિએ શહેરમાં સીટી બસ સ્ટેન્ડો બનાવવા માટેની રૂ. ૨ કરોડ ૪૦ લાખની જોગવાઈ જે રિવાઈઝ્ડ બજેટમાં કરાઈ હતી તેને ફગાવી દેવાઈ છે.

બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં બસસ્ટેન્ડો બનાવવાનો મુદ્દો ચર્ચામાં આવ્યો ત્યારે સિનીયર સભ્ય અને પૂર્વ ચેરમેન મનુભાઈ પટેલે કહ્યુ હતુ કે બસસ્ટેન્ડ બનાવવાની જોગવાઈ મૂળ બજેટમાં હતી જ નહિ અને એટલે સ્થાયી સમિતિએ તે વાત ફગાવી દીધી હતી.

વિવાદ અંગે વધુ કોઈ ટિપ્પણી તેમણે કરવાનું ટાળ્યુ હતુ.

જો કે નવા સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં પીક-અપ સ્ટેન્ડો બનાવવા માટે રૂ. બે કરોડની જોગવાઈ કરવામાં આવી છે તેમ સ્થાયી સમિતિના હોદ્દેદારોએ જણાવ્યુ હતુ.

## મેયર, ડે. મેયરની ગ્રાન્ટમાં ૧.૫૦ લાખ અને વિપક્ષી નેતા તેમજ ચેરમેનની ગ્રાન્ટમાં ૫૦ હજારનો કાપ

સ્થાયી સમિતિએ આજે તૈયાર કરેલ વર્ષ-૨૦૨૧-૨૨ના બજેટમાં મનપાના મેયરની આતિથ્ય સત્કાર ગ્રાન્ટમાં રૂ. ૧.૫૦ લાખ, કમિશનરની આતિથ્ય સત્કાર ગ્રાન્ટમાં રૂ. ૧.૫૦ લાખનો કાપ મુક્યો છે. આ ઉપરાંત ડે. મેયરની આતિથ્ય સત્કારની ગ્રાન્ટમાં, ચેરમેન સ્ટેન્ડીંગ કમિટીની ગ્રાન્ટમાં અને વિપક્ષી નેતાની આતિથ્ય સત્કારની ગ્રાન્ટમાં રૂ. ૫૦-૫૦ હજારનો કાપ મૂક્યો છે.

## પેથાપુર માટે જોગવાઈ કરાઈ અને નવા સમાવિષ્ટ વિસ્તારો માટે જોગવાઈ કરાઈ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ કરાયેલ પેથાપુર નગરપાલિકા વિસ્તારને અંદાજપત્રમાં અન્યાય થયાની લાગણી આજે સ્થાયી સમિતિએ દૂર કરવાનો નિર્ણય કરી અને પેથાપુર માટે રૂ. પાંચ કરોડની જોગવાઈ કરી છે.

પેથાપુરમાં કોમ્યુનિટી હોલ, અદ્યતન લાયબ્રેરી તેમજ અન્ય સુવિધાઓ માટે આ જોગવાઈ કરવામાં આવી છે.

મનપામાં સમાવિષ્ટ નવા ગ્રામ્ય વિસ્તારમાં પાયાની સુવિધાઓના નિર્માણ માટે રૂ. ૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

બજેટને આખરી ઓપ જે આપવામાં આવ્યો છે તેમાં મનપા હસ્તકના વાહનોનું ઓપરેશન એન્ડ મેઈન્ટન્સ ખર્ચમાં પણ રૂ. ૨૫ લાખનો કાપ સ્થાયી સમિતિએ મુકવાનો નિર્ણય કર્યો છે.

# જિલ્લામાં ૬ નવા કોરોનાના કેસ

**ગ્રામ્ય વિસ્તારમાં ૪ કેસ તો શહેરમાં બે કેસ : ૬ને રિકવરી થતાં ડિસ્ચાર્જ અપાયુ**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના ૬ કેસ નોંધાયા છે. જેમાં બે કેસ ગાંધીનગર શહેરમાં અને ૪ કેસ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે.

જિલ્લામાં જે ઝડપથી કેસો ઘટી રહ્યા છે તે અંગે તંત્રનું કહેવુ છે કે જિલ્લામાં ઈમ્યુનીટી ડેવલપ થઈ રહી છે અને કેસો ઘટી રહ્યા છે. ટેસ્ટની સંખ્યામાં કોઈ ઘટાડો કરવામાં આવ્યો નથી.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે જે ચાર કેસ નોંધાયા છે તે તમામે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ગાંધીનગરમાં ૨, કલોલ અને માણસામાં એક-એક કેસ નોંધાયો છે.

ગાંધીનગર તાલુકાના અડાલજ ગામે ૭૦ વર્ષની મહિલા અને કુડાસણમાં એક યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલ અર્બન-

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૧૬૨૫ વોરિયર્સનું વેક્સીનેશન

**શહેરમાં ૫૬૨ વોરિયર્સ તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ૧૦૬૩ વોરિયર્સનું વેક્સીનેશન**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં આજે ૧૬૨૫ જેટલા કોરોના વોરિયર્સનું વેક્સીનેશન કરવામાં આવ્યુ છે.

શહેરમાં આજે ૫૬૨ વોરિયર્સ તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ૧૦૬૩ વોરિયર્સનું વેક્સીનેશન કરવામાં આવ્યુ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હેલ્થ વર્કર માટે ૨૩ સાઈટ સેશન અને ફ્રન્ટલાઈન વોરિયર્સ માટે ૧૨ સેશન સાઈટ રાખવામાં આવી હતી.

ગાંધીનગર તાલુકામાં ૯ સેશન સાઈટ પર ૪૧૨ હેલ્થકેર વર્કર અને ૨૧૮ ફ્રન્ટલાઈન વોરિયર્સ, દહેગામ તાલુકાની ૩ સેશન સાઈટ પર ૭૬ હેલ્થવર્કર અને ૧૦૧ ફ્રન્ટલાઈન વોરિયર્સ, માણસા તાલુકાની ૨ સેશન સાઈટ ખાતે ૭૪ હેલ્થવર્કર, કલોલના નવ સેશન સાઈટ ખાતે ૧૫૨ હેલ્થવર્કર અને ૩૦ ફ્રન્ટલાઈન વર્કર મળી કુલ ૧૦૬૩ વોરિયર્સનું વેક્સીનેશન કરવામાં આવ્યુ હતુ.

ગાંધીનગરમાં સિવિલ હોસ્પિટલ અને અર્બન હેલ્થ સેન્ટરો ખાતે ૫૬૨ વોરિયર્સનું વેક્સીનેશન કરાયુ હતુ. આજના વેક્સીનેશન દરમ્યાન કોઈને પણ આડ અસર થયેલી જોવા મળી ન હતી.

## જિલ્લામાં ચૂંટણી માટે નિરીક્ષક તરીકે જયશ્રી દેવાંગન મુકાયા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે જનરલ ઓબ્ઝર્વર તરીકે સર્વ શિક્ષા અભિયાનના સંયુક્ત નિયામક સુશ્રી જયશ્રી દેવાંગનની નિયુક્તી કરવામાં આવી છે.

સુશ્રી દેવાંગન આજે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે બપોરે બાર વાગે આવશે. તેઓ જિલ્લામાં જિલ્લા, તાલુકા પંચાયત તેમજ બે નગરપાલિકાની સામાન્ય ચૂંટણી અને બે પેટા ચૂંટણી માટે તંત્ર દ્વારા કરવામાં આવેલી તૈયારીઓની ચૂંટણી અધિકારીઓ સાથે બેઠક કરી સમીક્ષા કરશે. મળતી વિગતો મુજબ રાજ્ય ચૂંટણી પંચે સિનીયર અધિકારીઓની નિમણુંક નિરીક્ષકો તરીકે કરી છે. આ ઉપરાંત ખર્ચ નિયંત્રણ માટે અલગથી નિરીક્ષકો નિમવામાં આવશે. આ નિરીક્ષકોની નિમણુંકો પણ બે-ત્રણ દિવસમાં કરી દેવાશે.

જનરલ નિરીક્ષક સામાન્ય ચૂંટણીઓ નિષ્પક્ષ તેમજ મુક્ત વાતાવરણમાં સંપન્ન થાય તે જોશે. આ વખતે કોરોનાની મહામારી વચ્ચે આ સામાન્ય ચૂંટણીઓ થઈ રહી છે એટલે તંત્રએ પણ તૈયારીઓ વધારે કરવાની થાય છે. આથી આજે માત્ર મતદાનની તૈયારીઓ અંગેની સમીક્ષા થશે. આ પછી આચારસંહિતાનો અમલ, સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકો, સુરક્ષા પ્લાન વિગેરેને લઈ અલગથી બેઠક કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

# ગાંધીનગર સહિત રાજ્યભરમાં રાજકીય ધમધમાટ પરાકાષ્ઠાએ

**મહાનગરપાલિકાના અસંતુષ્ઠોના ઉધામાથી રાજકીય ગરમા ગરમી : શંકરસિંહ વાઘેલાની કોંગ્રેસમાં જવાની ઉત્સુકતા નવા સમીકરણો સર્જી શકે છે : રાજસભાની ચૂંટણીની જાહેરાતના પગલે બન્ને પક્ષોમાં વધેલી રાજકીય દોડધામ**

ગાંધીનગર, તા. ૪

રાજ્યમાં કોરોનાએ વિદાય લીધી ના લીધી ત્યાં તો સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પગલે રાજકીય ચહલપહલ વધી ગઈ છે. જ્યારે છેલ્લા ૨ દિવસથી રાજ્યભરમાં રાજકીય ધમધમાટ પરાકાષ્ઠાએ પહોંચ્યો છે. ભાજપના ટિકીટના નિતીનિયમોના પગલે નાનો મોટો કકળાટ છ યે મહાનગરપાલિકામાં સપાટી પર આવ્યો છે. કોંગ્રેસમાં તો કકળાટ કાયમી છે જ આપ અને ઓવૈસીની પાર્ટીના પ્રવેશબાદ રાજકીય સમીકરણો વધારે ગુંચવાયા છે. શંકરસિંહ વાઘેલાની કોંગ્રેસમાં જોડાવાની ઉત્સુકતા અને રાજ્ય સભાની બે બેઠકો માટેની ચૂંટણીની જાહેરાતથી રાજકીય બજાર ગરમાયુ છે. પંચાયત અને પાલીકાના ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા પણ અંતિમ તબક્કામાં પહોંચી છે ત્યારે સમગ્ર રાજ્યમાં ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીની સેમી ફાઈનલનો માહોલ સર્જાયો છે.

પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા પુનઃ કોંગ્રેસમાં જોડાઈ રહ્યાના અહેવાલોએ ભારે ચર્ચા જગાવી છે. ભાજપના કેટલાંક અસંતુષ્ઠોને કોંગ્રેસમાં ખેંચી લાવવાની પ્રવૃતિ પણ તેમણે આરંભી દીધી છે. ભાજપના જુના સંબંધોનો ઉપયોગ કરીને ફરીથી રાજકીય તોડફોડ જોરશોરથી ચાલશે તેવી દહેશત વર્તાય છે. ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના કડક નિયમો અને નિર્ણયો સામે ભાજપમાં ચાલતો ચમભણાટ અસંતોષ બનીને બહાર આવે અને તેનો લાભ વાયા શંકરસિંહ કોંગ્રેસ મેળવવાનો પ્રયાસ કરે એવી ચર્ચાઓ પણ રાજકારણની ગલીયારીઓમાં જોરશોરથી ચાલી રહ્યો છે.

રાજ્યની છ એ મહાનગર પાલિકાઓમાં ભાજપ જ સત્તા હાંસલ કરવાનું છે એ સામી ભીંતે લખેલ હોવા છતાં થોડો રાજકીય ભય ઉભો કરી શાસકોને ટેન્શનમાં રાખવાની વ્યૂહરચનાએ પણ ગરમા ગરમીનો માહોલ ઉભો કરાયેલ છે. કોંગ્રેસનો ઘર કંકાસ જાણીતો છે, સર્વવિદિત છે. ટીકિટો માટે ધમ પછાડા કરતાં કોંગ્રેસને અનેક નેતાઓ જાતજાતના અને ભાત ભાતના ત્રાગાઓ કરીને નેતાગીરીને ટેન્શનમાં રાખે છે. નવી નક્કોર આમ આદમી પાર્ટીમાં પણ શરૂઆતથી જ ડખા છે જ્યારે ઓવૈસી તો હજુ ગુજરાતમાં ભાગલાં પાડી રહ્યાં છે પરંતુ આવનારા દિવસોમાં અનેક ધડાકા ભડાકા થવાની શક્યતાને નકારી શકાતી નથી. પંચાયત પાલીકાઓ અને રાજ્યસભાની ચૂંટણી રાજ્યના રાજકારણના રંગ બદલી શકવા સમર્થ બની શકે છે.

## શહેરમાં વેરા વસુલાત ઝુંબેશ અન્વયે હવે ટુંકમાં બિલ વિતરણ કરાશે

**અંદાજિત ૩.૨૫ કરોડનો વેરો વસુલવા માટે માર્ચ મહીના સુધી વળતર પણ ચુકવાશે**

ગાંધીનગર તા ૪

શહેરમાં એકબાજુ ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. જયારે પ્રતિવર્ષ હાથ ધરાતી વેરા વસુલાત ઝુંબેશ અન્વયે પણ હવે ટુંકમાં બિલ વિતરણ શરૂ કરાશે. શહેરમાં અંદાજિત ૩૦ હજાર જેટલા જોડાણકર્તાઓ પાસેથી અંદાજિત રૂ ૩.૨૫ કરોડનો વેરો વસુલવા માટે બિલ વિતરણના અંતે માર્ચમાં ઝુંબેશ શરૂ કરી દેવાશે. જો કે તંત્રના ચોપડે વર્ષો જુના બાકીદારોનો આંકડો પણ મોટો છે. ત્યારે વેરા વસુલાત ઝુંબેશના અંતે નોંધપાત્ર વસુલાત થઈ શકતી નથી. શહેરમાં પાણી ગટર વેરા વસુલાત અન્વયે ટુંકમાં બિલ વિતરણનુ અભિયાન હાથ ધરાશે. શહેરમાં પ્રતિવર્ષ ફેબ્રુઆરી મહીનામાં ગટર વેરાના બિલનુ વિતરણ કરવામાં આવે છે. જયારે માર્ચ મહીનામાં વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. માર્ચ અંત સુધીમાં વેરો ચુકવનારને વળતર પણ આપવામાં આવે છે. શહેરમાં પાણી ગટરની માળખાગત સુવિધાને અનુલક્ષી પ્રતિવર્ષ સરકરા કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. આમછતા વેરા વસુલાત ઝુંબેશના અંતે નબળુ ચિત્ર ઉપસી આવે છે. તંત્રના ચોપડે હજુ વર્ષો જુનુ બાકી માંગણુ પણ મોટુ છે. અલબત્ત વેરા વસુલાત અન્વયે બાકી માંગણાનો આંકડો પણ મોટો છે. શહેરમાં અંદાજિત ૩૦ હજારથી પણ વધુ જોડાણકર્તાઓ છે. જયારે પાણી ગટરની જરૂરિયાત સંતોષવા માટે પ્રતિવર્ષ તોતિંગ ખર્ચ થાય છે. જયારે આગામી દિવસામાં હવે શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટેની યોજના પણ તૈયાર કરવામાં આવી રહી છે. ત્યારે મીટર પધ્ધતિથી પણી સપ્લાય કરવામાં આવશે. ત્યારે વેરાનુ બિલ ચુકવવામાં નિરસતા સેવતા જોડાણકર્તાઓએ મીટર બિલ ચુકવવુ પડશે. છેલ્લા એક દાયકાથી પાણી ગટર વેરાની ઝુંબેશ દરમિયાન બાકીદારોની સંખ્યા પણ વિશેષ હોવાનુ ધ્યાનેઆવે છે. જયારે સેકટરોમાં

● અનુસંધાન પાન-૭ પર

## પાસપોર્ટ માટે ઓરિજનલ ડોક્યુમેન્ટ લઈને જવામાંથી અરજદારોને મુક્તિ

**અરજી સાથે અરજદારે જરુરી દસ્તાવેજોની ઓરિજનલ, ઝેરોક્ષ લઈ જતા હતા પણ હવે ડિજી લોકરનો વિકલ્પ**

અમદાવાદ, તા. ૪

પાસપોર્ટની પ્રોસેસ માટે પોતાની અગત્યના સર્ટિફિકેટ અને કાગળો લઈને જવું પડતું હતું તેમાંથી છૂટકારો મળી ગયો છે. એટલે કે પાસપોર્ટ માટે એપોઈન્ટમેન્ટથી લઈને સહાયતા કેન્દ્ર કે પાસપોર્ટ ઓફિસમાં ઓરિજિનલ ડોક્યુમેન્ટ્સ અને તેની ઝેરોક્ષ લઈ જવાથી મુક્તિ મળી ગઈ છે. એટલે કે અરજદારે પોતાની અરજી કરતી વખતે જરુરી તમામ ડોક્યુમેન્ટ્સ ડિજિલોકર એપ્લિકેશન પર અપલોડ કરી દેવાના રહેશે. એટલે કે અહીંથી જ ડોક્યુમેન્ટ્સ ચેક થઈ જશે અને જ્યારે અરજદાર ત્યાં પહોંચશે ત્યારે કાગળોનો થોથો ઉચકીને જવાની જરુર નહીં પડે. અરજદારે પાસપોર્ટ ઓફિસમાં અરજી માટે કોઈ ડોક્યુમેન્ટ્સ લીધા વિના જવું પડશે એટલે કોરોનાનો ચેપ કે અન્ય સાવચેતીમાંથી છૂટકારો મળશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com